RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 309, Dt.20-3-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આરોગ્ય કર્મચારીઓની હડતાળ ઉગ્ર બની

## વિધાનસભામાં CMને મળે એ પહેલાં જ ૫૦૦થી વધુની અટકાયત, ગાંધીનગર પોલીસ છાવણીમાં ફેરવાયુંઃ હડતાળ ગેરવ્યાજબી, વહેલી તકે સમેટી લો: ઋષિકેશ પટેલની આરોગ્ય કર્મીઓને ચેતવણી

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગુજરાત પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓએ પડતર માંગણીઓને લઈને સરકાર સામે બાયો ચડાવી છે. ૧૭ માર્ચથી અચોક્સ મુદતની હડતાળ પર ઉતરેલા આરોગ્ય કર્મચારીઓ આજે ગાંધીનગરમાં ઈખને મળવા પહોંચ્યા છે. જેને લઈને ગાંધીનગર પોલીસ છાવણીમાં ફેરવાયું છે. કર્મચારીઓ વિધાનસભાનો ઘેરાવો કરી આંદોલન કરે તે પહેલાં ડામી દેવા માટે અટકાયત શરૂ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ લોકોની અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું છે.

મુખ્ય માંગણીઓમાં MPHW, FHW, MPHS, FHS, TMPH, THV અને જિલ્લાકક્ષાના આરોગ્ય સુપરવાઈઝર કેડરનો ટેક્નિકલ કેડરમાં સમાવેશ અને ગ્રેડ-પે સુધારણા સામેલ છે. ઉપરાંત, MPHW-FHW કેડરને ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિની માંગ પણ કરવામાં આવી છે. સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રતિસાદ ન મળતાં કર્મચારીઓએ અનિશ્ચિત મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે.

આરોગ્ય કર્મચારી મહાસંઘના જણાવ્યા અનુસાર, છેલ્લા બે વર્ષથી સરકારમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી રહી છે, પણ કોઈ નિકાલ ન આવતા સરકારને ૧લી માર્ચ સુધીનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. જે બાદ ૫મી માર્ચે રાજ્યભરના આરોગ્ય કર્મચારીઓએ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદર્શન કર્યું હતું. ૭મી માર્ચથી ઓનલાઈન-ઓફલાઈન કામગીરીનો બહિષ્કાર શરૂ કર્યો હતો. જે બાદ કર્મચારીઓ ૧૭ માર્ચથી અચોક્સ મુદતની હડતાળ પર ઉતર્યા છે.ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના કર્મચારીઓની માંગો છેલ્લા ત્રણ વર્ષોથી સંતોષવામાં ન આવતાં આજે તેમણે ગાંધીનગરમાં ધામા નાખ્યા છે. ત્યારે બીજી તરફ સરકાર દ્વારા આંદોલનને અટકાવવા માટે આરોગ્ય કર્મીઓની અટકાયતનો દોર શરુ કરી ૧૦૦૦ જેટલા આરોગ્યકર્મીની ધરપકડ કરી છે. આરોગ્યકર્મીઓની હડતાળના મામલે આરોગ્યમંત્રી ઋષિકેષ પટેલે નિવેદન આપતાં કહ્યું છે કે પઆરોગ્યકર્મીઓની આ હડતાળ ગેરવ્યાજબી છે. હું તેમને અપીલ કરું છું કે આ હડતાલ વહેલી તકે સમેટી લેવામાં આવે, નહીંતર સરકારને પણ યોગ્ય પગલાં લેવાની ફરજ પડશે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે પઆ બાબતે સરકાર કંઈક કરી શકતી હોય તો ચોક્કસ આગળ વધતી હોય છે. આ વખતે પણ તેમને જે મુદ્દા મૂક્યા છે તેમાં એકાદ બે બાબતો એવી છે જેમાં સહમતિ બની છે. સરકાર આ બાબતે પોઝિટિવ છે. પરંતુ જે મુદ્દાઓ ચર્ચા વિચારણા અથવા તે વાતને ડીપમાં જઈ જોવાનો જ્યાં અવકાશ બાકી હોય તે મુદ્દો પણ સરકાર વગર વિચારે, સરકારના સમગ્ર વહીવટનો વિચાર કર્યા વગર સીધે સીધે માંગણીઓ સ્વીકારી લે એવું ન બને. તેમનો કોઈપણ મુદ્દો હોય તે મુદ્દાની સાથે સુસંગત વાત





થાય. છેવટે તો આ ટેક્સનો પૈસો જ્યારે રાજ્યની તિજોરીમાં આવતો હોય ત્યારે લોકોની સુખાકારીમાં અને લોકોની સગવડો માટે એ પૈસો વપરાવવો જોઈએ.અત્યારે તેમની જે માંગણી છે તે બાબતે ચર્ચાઓ પણ કરી છે. ભૂતકાળની અંદર જે વાત થઈ હતી તે અનુસંગિક વાત આજે પણ થઈ હતી. રાજ્યના નાગરિકો જ્યારે મુશ્કેલ સમયમાં આરોગ્ય વિષયક સેવાઓ માટે જતા હોય ત્યારે આ પ્રકારની હડતાળ કરી તંત્રને બાનમાં લઈ ગુજરાતના લોકોને બાનમાં લેવાનું કામ યોગ્ય નથી. હું તેમને અપીલ કરું છું કે આ હડતાલ વહેલી તકે સમેટી લેવામાં આવે, નહીંતર સરકારને પણ યોગ્ય પગલાં લેવાની ફરજ પડશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ આરોગ્ય કર્મીઓની અટકાયત તેમના જિલ્લાઓમાંથી શરુ થઈ ગઈ છે. જેમાં જિલ્લાના પ્રમુખ માર્ગો પર પોલીસ દ્વારા તેમને ગાંધીનગર તરફ જતાં અટકાવી દેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આવેદનપત્ર આપવાની ચીમકી આપી ગાંધીનગર ગેટ નંબર ૧ આગળ પહોંચે એ પહેલાં ૩ લેયર ચેકીંગ ગોઠવી દેવામાં આવ્યું છે.

# ૧૩ મહિનાથી ધરણા ઉપર ઉતરેલા ખેડૂતો પર પોલીસ ત્રાટકી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બુધવારે રાત્રે પંજાબ સરકારે પોલીસની મદદથી શંભુ અને ખાનૌરી સરહદ પર ૧૩ મહિનાથી ચાલી રહેલા ખેડૂતોના વિરોધ પ્રદર્શનને હટાવી દીધું. પોલીસે ખાનૌરી અને શંભુ બોર્ડર પર બનેલા પ્લેટફોર્મને તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ કર્યો અને તંબુઓ પણ ઉખેડી નાખ્યા. ખરેખર, ખેડૂતો ૧૩ ફેબ્રુઆરી-૨૦૨૪ થી અહીં હડતાળ પર બેઠા હતા. અગાઉ, બુધવારે ચંદીગઢમાં કેન્દ્ર સરકાર અને ખેડૂત સંગઠનો વચ્ચે યોજાયેલી બેઠક અનિર્ણિત રહી હતી.

મીટિંગ સમાપ્ત થયા પછી, ખેડૂત નેતાઓ જગજીત સિંહ દલેવાલ અને સરવન સિંહ પંઢેર સહિત ૮૦૦ થી વધુ ખેડૂતો, જેઓ ખાનૌરી અને શંભુ બોર્ડર પર પાછા ફરી રહ્યા હતા, તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા. હવે અમળતસર-અંબાલા-દિલ્હી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ગુરુવારે ખુલ્લો મૂકવામાં આવશે. જોકે, શંભુ અને ખાનૌરી બોર્ડર પર લગાવવામાં આવેલા બેરિકેડિંગ હજુ સુધી દૂર કરવામાં આવ્યા નથી.

પોલીસ કાર્યવાહી દરમિયાન ખેડૂતો અને પોલીસ વચ્ચે ઉગ્ર ઝપાઝપી થઈ હતી, જેમાં કેટલાક ખેડૂત નેતાઓની પાઘડીઓ પડી ગઈ હતી. સરકારે શંભુ અને ખાનૌરી સરહદો પર લગભગ ૫૦૦૦ પોલીસકર્મીઓને તૈનાત કર્યા છે. તે જ સમયે, સરહદી વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ કરી દેવામાં આવી છે. પોલીસ કાર્યવાહીના વિરોધમાં રાજ્યના વિવિધ ભાગોમાં ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા હતા. પોલીસની આ કાર્યવાહીનો વિરોધ પક્ષ સહિત તમામ ખેડૂત નેતાઓએ વિરોધ કર્યો છે.

પંજાબ પોલીસે શંભુ અને ખાનૌરી બોર્ડર પરના વિરોધ સ્થળોએથી ખેડૂતોને દૂર કર્યા છે જ્યાં તેઓ એક વર્ષથી વધુ સમયથી કેમ્પ કરી રહ્યા હતા. અગાઉ, પોલીસે કેન્દ્રીય પ્રતિનિધિમંડળ સાથેની બેઠક બાદ પરત ફરતી વખતે મોહાલીમાં સરવન સિંહ પંધેર અને જગજીત સિંહ દલેવાલ સહિત





અનેક ખેડૂત નેતાઓની અટકાયત કરી હતી. પોલીસની આ કાર્યવાહી બાદ, વિવિધ ખેડૂત સંગઠનોએ આજે દેશવ્યાપી પ્રદર્શનની જાહેરાત કરી છે. આ પ્રદર્શન તમામ જિલ્લાઓમાં ડેપ્યુટી કમિશનર (ડીસી) કચેરીઓની બહાર યોજાશે. ખેડૂત નેતાઓએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા તેમની કાયદેસર માંગણીઓ પર ધ્યાન આપવાનો ઈનકાર અને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનો સામે કડક કાર્યવાહી સામે આ પગલું લેવામાં આવી રહ્યું છે.

# સરકાર કર્મચારીઓની નિવૃત્તિ વયમાં ફેરફાર કરવાના મૂડમાં નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રીય કર્મચારી રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે, સરકાર તેના કર્મચારીઓની નિવૃત્તિ વયમાં ફેરફાર કરવાના કોઈપણ પ્રસ્તાવ પર વિચાર કરી રહી નથી. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જિતેન્દ્ર સિંહે એમ પણ કહ્યું હતું કે, કર્મચારીઓની નિવૃત્તિથી ઊભી થતી ખાલી જગ્યાઓને દૂર કરવાની સરકાર પાસે કોઈ નીતિ નથી. ‘‘સરકાર પાસે સરકારી કર્મચારીઓની સેવા નિવૃત્તિ વયમાં ફેરફાર કરવા માટે કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ નથી. આ ઉપરાંત અન્ય એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રએ કહ્યું કે, ઓલ્ડ પેન્શનરોને વધારાનું પેન્શન આપવામાં આવે છે, કારણ કે તેમની જરૂરિયાતો ખાસ કરીને સ્વાસ્થ્ય સંબંધિત સ્થિતિને ધ્યાનમાં




રાખીને આ યોગ્ય છે. કેન્દ્રીય કર્મચારી રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, પેન્શન વિતરણ સત્તાવાળાઓ/બેન્ક દ્વારા જરૂરિયાત મુજબ પેન્શનર/પરિવાર પેન્શનરને વધારાનું પેન્શન આપોઆપ ચૂકવવામાં આવે છે. મંત્રીના જણાવ્યા અનુસાર સરકારના છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચ ની ભલામણ મુજબ ૮૦ વર્ષની ઉંમર પર ૨૦ ટકા, ૮૫ વર્ષની ઉંમરે ૩૦ ટકા, ૯૦ વર્ષની ઉંમર પર ૪૦ ટકા, ૯૫ વર્ષની ઉંમરે પહોંચવા પર ૫૦ ટકા અને ૧૦૦ વર્ષની ઉંમર પર ૧૦૦ ટકા વધારાના પેન્શનની મંજૂરી આપવામાં આવી છે. તેમણે કહ્યું કે, ઉંમર સાથે ખાસ કરીને સ્વાસ્થ્ય સંબંધિત જરૂરિયાતો વધે છે, તેથી વધારાના પેન્શનની જોગવાઈ કરવામાં આવી છે.

# છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં ગરમી અને લૂ લાગવાને કારણે ૧૦૬૩૫ લોકોનાં મોત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

૨૦૧૩થી ૧૦ વર્ષના સમયગાળામાં ભારતમાં વધારે ગરમી અને લૂ લાગવાને કારણે ૧૦૬૩૫ લોકોનાં મોત થયા છે. હવામાન વિભાગ મુજબ ભારતમાં ૨૦૨૪નું વર્ષ છેલ્લા ૧૪ વર્ષમાં સૌથી ગરમ વર્ષ રહ્યું હતું.

સત્તાવાર આંકડાઓ અનુસાર સૌથી ગરમ અને સૌથી લાંબા લૂ સમયગાળા દરમિયાન ભારતમાં ૪૧૭૮૯ લૂનાં કેસો અને ૧૪૩ લૂ સંબધિત મોત નોંધવામાં આવ્યા છે.

ભારતીય હવામાન વિભાગએ ચાલુ વર્ષે પણ દેશના મોટા ભાગના વિસ્તારોમાં સામાન્યથી વધુ મહત્તમ અને લઘુતમ તાપમાનનો અંદાજ મૂક્યો છે. આ દરમિયાન સંસદની એક સ્થાયી સમિતિએ સૂચન કર્યુ છે કે કેન્દ્ર પોતાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનમાં લૂ જેવી નવી અને ઉભરતી આપત્તિઓને સામેલ કરે. ગૃહ બાબતોની વિભાગ સંબધી સ્થાયી સંસદીય સમિતિએ ગયા સપ્તાહ રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા એક રિપોર્ટમાં આપત્તિઓની સત્તાવાર યાદીની નિયમિત સમીક્ષા અને તેને આધુનિક બનાવવા માટે એક પ્રણાલી સ્થાપિત કરવાની પણ ભલામણ કરી છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સમિતિએ ભલામણ કરી છે કે મંત્રાલય પોતાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ યોજનાઓમાં લૂ વગેરેને કારણે ઉભી થતી નવી આપત્તિઓને સામેલ કરી શકે છે. આપત્તિઓની સત્તાવાર યાદીની નિયમિત



સમીક્ષા અને તેને આધુનિક બનાવવા માટે એક પ્રણાલી સ્થાપિત કરવાની પણ ભલામણ કરવામાં આવે છે જેથી એ સુનિશ્ચિત કરવામાં આવી શકે જેથી એક્ટ પ્રાસંગિક બની રહે તથા ઉભરતા જોખમો પ્રત્યે નિષ્ણાતો, હિતધારકો અને પ્રભાવિત સમુદાયોના ચર્ચાના માધ્યમથી જવાબદાર હોય. ભાજપના રાજ્યસભા સભ્ય રાધા મોહન દાસ અગ્રવાલની અધ્યક્ષતાવાળી ૩૧ સભ્યોની સમિતિએ મંત્રલાયથી જળવાયુ પરિવર્તન અને આપત્તિઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને દીર્ઘકાલીન આપત્તિ તૈયારીઓ માટે અભ્યાસ અને યોજના બનાવવાની પણ અપીલ કરી હતી.

# બેન્ક થાપણ કે અન્ય ઘરેલુ બચતના નાણા શેરબજારમાં રોકવા જોખમ

## આ પ્રકારે રોકાણ કરનાર મોટી નાણાકીય મુશ્કેલીમાં મુકાઈ શકે છે : નિર્મલા સીતારામન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતીય શેરબજારે ગત વર્ષે જે તેજીનો જબરો માહોલ થયો તેના કારણે આઈપીઓની સેકન્ડરી માર્કેટમાં જે રીતે રીટેલ ઈન્વેસ્ટર એટલે કે હવે સામાન્ય પરિવારના લોકો પણ તેની બચત- બેન્ક થાપણ કે અન્ય જે ઘરેલુ બચતના નાણા શેરબજારમાં રોકી રહ્યા છે.

તેને એક ખતરનાક ટ્રેન્ડ ગણાતા નાણામંત્રી નિર્મલા સીતારામને જણાવ્યુ હતું કે ,માર્કેટમાં ‘કરેકશન’ સમયે થતા નાણાકીય નુકશાન આ પ્રકારે રોકાણ કરનારાઓને મોટી નાણાકીય મુશ્કેલીમાં મુકી શકે છે.

નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન લોકસભામાં આ અંગે કહેતા જણાવ્યું કે ઘરેલુ બેન્ક થાપણોથી લઈને વ્યક્તિગત બચત કે કુટુંબની સેફટી નેટ જેવી રકમ શેરબજાર સાથે જોડાયેલા નાણાકીય યોજનામાંથી લઈને માર્કેટમાં રોકાઈ રહી છે પણ દેશમાં જે રીતે નાણાકીય સાક્ષરતાનો હજુ અભાવ છે.

તેથી આ સ્થિતિ ગંભીર બની શકે છે. દેશમાં બેન્કો જે રીતે થાપણોમાં વૃધ્દ્દિદર ઘટવાની ચિંતાનો સામનો કરી રહી છે તો બીજી તરફ બેન્કો પાસે ધિરાણ માંગ વધી રહી છે. જેના કારણે બેન્કો લીકવીડીટીની સમસ્યાનો સામનો કરે છે.

સંસદય સમીતીને આ અંગે સુપ્રત કરાયેલ એક રિપોર્ટમાં જણાવ્યુ છે કે ઘરેલુ બચતના નાણા બેન્કમાંથી ઉપાડીને એ બજારમાં રોકાઈ રહ્યા છે.




જેનાથી બેન્કોને પણ સસ્તા નાણા નહી મળતા હોવાથી તેની માર્જીન સાયકલ ખોરવાઈ રહી છે અને ઉંચા વ્યાજદરથી નાણા મેળવવામાં બેન્કોને ધિરાણ દર વ્યાજબી સ્તરે રાખતા રોકે છે. દેશમાં હાઉસહોલ્ડ સેવિંગ જે ૨૦૧૮-૧૯માં ડીપીના ૨૦.૩% હતુ તે ૨૦૨૩-૨૪માં ૧૮.૪% થયુ છે. આમ ઘરેલુ બચત હવે પગ કરવા લાગી છે તો બીજી તરફ લાઈફ સ્ટાઈલના કારણે પરિવારની નાણાકીય જવાબદારી (દેવુ-લોન વિ.) વધી રહ્યા છે.

૨૦૧૯માં હાઉસહોલ્ડ ફાયનાન્સીયલ લાયાબિલીટી જે જીડીપીના ૩૨.૯% હતી તે ૨૦૨૪માં ૪૧% પહોંચી છે. આ ઉપરાંત બેન્કોના ક્રેડીટ-ડિપોઝીટ રેશિયા વચ્ચે તફાવત વધી રહ્યા છે. બેન્કો જે થાપણો મેળવતી હતી તે હવે અન્ય નાણાકીય ક્ષેત્રમાં રોકાઈ રહી છે.

# રેલવેએ મહિલાઓ-વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ યાત્રીઓ માટે લોઅર બર્થની સુવિધા શરૂ કરી

■ દિવ્યાંગો માટે આ સુવિધા બધી મેલ અને એકસપ્રેસ ટ્રેનોમાં લાગુ છે



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રેલવેએ મહિલાઓ વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ યાત્રીઓ માટે લોઅર બર્થની સુવિધા શરૂ કરી છે. દક્ષિણ-પૂર્વ રેલવેએ પ્રેસ યાદીમાં જણાવ્યું છે કે, લોકસભામાં પ્રશ્નનો ઉત્તર આપતા કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે ભારતીય રેલવેની એ પહેલને ઉજાગર કરી છે.

જે અંતર્ગત વરિષ્ઠ નાગરીકો મહિલાઓ અને વિકલાંગો માટે લોઅર બર્થની ઉપલબ્ધતા નિશ્ચિત કરવામાં આવશે. આ લોકો માટે લોઅર બર્થ માટે આરક્ષિત કોટા હશે.

આ જોગવાઈ ટ્રેનોમાં કોચોની સંખ્યાનાં આધારે લાગુ કરવામાં આવી છે. જેથી યાત્રીઓને અધિકતમ સુવિધા મળી શકે.રેલમંત્રીએ જણાવ્યું હતું કે, વિકલાંગો માટે આ સુવિધા બધી મેલ અને એકસપ્રેસ ટ્રેનોમાં લાગુ છે. જેમાં રાજધાની અને શતાબ્દી જેવી ટ્રેનો પણ સામેલ છે.

યાત્રા દરમ્યાન જો કોઈ નીચલી બર્થ ખાલી રહે છે તો એ બર્થોને વરિષ્ઠ નાગરીકો વિકલાંગ વ્યકિતઓ અને ગર્ભવતી મહિલાઓને પ્રાથમિકતાનાં આધારે ફાળવવામાં આવે છે. જેમને પહેલા મિડલ કે અપર બર્થ ફાળવાઈ હોય આરામદાયક યાત્રા માટે પગલૂ ઉઠાવવામાં આવ્યું છે.

# વેપાર યુદ્ધની ભારતના અર્થતંત્ર પર કોઈ અસર નહીં પડે

## અમેરિકાની આક્રમક વેપાર નીતિઓ વિશ્વ માટે એક મોટું જોખમ છે : ફિચનો સનસનીખેજ રિપોર્ટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ટેરિફ વોરને કારણે, વિશ્વભરની અર્થવ્યવસ્થાઓ મંદીમાં ફસાઈ જવાનું જોખમ વધી ગયું છે. જોકે, આ વેપાર યુદ્ધની ભારત પર ઊંડી અસર નહીં પડે અને ૧ એ-લિથી શરૂ થતા નવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતીય અર્થતંત્ર ૬.૫ ટકાના દરે વૃદ્ધિ પામશે. ૨૦૨૬-૨૭માં આર્થિક વિકાસ દર નજીવો ઘટીને ૬.૩ ટકા થઈ શકે છે.

ફિચ રેટિંગ્સે તેના ગ્લોબલ ઈકોનોમિક આઉટલુક (ઋઊધ) ના માર્ચ આવૃત્તિમાં જણાવ્યું હતું કે યુએસ આક્રમક વેપાર નીતિઓ એક મોટા જોખમ તરીકે ઉભરી આવી છે. આના કારણે ૨૦૨૫-૨૬ ની સરખામણીમાં ૨૦૨૬-૨૭માં ભારતનો આર્થિક વિકાસ દર થોડો ઘટી શકે છે. જોકે, બાહ્ય માંગ પર ઓછી નિર્ભરતા અને નોંધપાત્ર આત્મનિર્ભરતાને કારણે, ભારતીય અર્થતંત્ર વેપાર યુદ્ધની વ્યાપક અસરથી અસુરક્ષિત રહેશે.

રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે મૂડી ખર્ચ સહિત ખાનગી અને જાહેર ખર્ચમાં વધારો થવાને કારણે ભારતીય ગ્ઝભ વૃદ્ધિ દરમાં સુધારો થયો છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના ત્રીજા ક્વાર્ટરમાં તે ૫.૪ ટકાથી વધીને ચોથા ક્વાર્ટરમાં ૬.૨ ટકા થયો છે. આ વૃદ્ધિમાં કળષિ ક્ષેત્રનો પણ ફાળો છે. સરેરાશ કરતા વધુ ચોમાસાના વરસાદને કારણે ખરીફ પાકનું ઉત્પાદન વધ્યું છે. મજબૂત નિકાસ વૃદ્ધિને ટેકો આપે છે : ગ્લોબલ ઈકોનોમિક આઉટલુક અનુસાર, નિકાસમાં મજબૂત વૃદ્ધિ અને આયાતમાં ઘટાડાના સંયોજનથી આ વર્ષે ઋઉઙ વૃદ્ધિને ટેકો મળ્યો છે. ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭માં ચોખ્ખી નિકાસમાં વધારો અર્થતંત્રને પણ મદદ કરશે.

ટેક્સ સ્લેબમાં સુધારો અને કરમુક્ત આવકમાં વધારો કરવાથી ગ્રાહકોની બચત વધશે. આનાથી ખર્ચ અને વૃદ્ધિમાં વધારો થશે.

વ્યાપારિક વિશ્વાસ ટોચ પર, મૂડી ખર્ચ વધશે.

ફિચે જણાવ્યું હતું કે ભારતમાં વ્યાપારિક વિશ્વાસ ઊંચો રહે છે. સર્વેક્ષણો દર્શાવે છે કે ખાનગી ક્ષેત્રને બેંક ધિરાણ બે આંકડામાં વધતું રહેશે.

રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું




કે કેન્દ્રીય બજેટમાં જાહેર મૂડી ખર્ચ માટે વધુ ફાળવણી ગ્ઝભ ને ટેકો આપશે.

આ પરિબળો ઉપરાંત, છ્ઈઈ દ્વારા વ્યાજ દરોમાં ઘટાડો ખર્ચમાં ઘટાડો કરશે, જે ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ માં મૂડી ખર્ચને વેગ આપશે.

ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં છૂટક ફુગાવો ૪ ટકાથી નીચે આવી જવાની સાથે, ફિચને અપેક્ષા છે કે ય્ન્ રેપો રેટમાં ઘટાડો કરવાનું શરૂ કરશે ત્યારે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં ફુગાવો નજીવો વધીને ૪.૩ ટકા થશે. આ વર્ષે રેપો રેટમાં વધુ બે વખત ઘટાડો થવાની ધારણા છે, જે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં તેને વર્તમાન ૬.૨૫ ટકાથી ઘટાડીને ૫.૭૫ ટકા કરશે.

# તા.૨૩ માર્ચના યોજાનાર ગુજકેટની પરીક્ષા સંદર્ભે કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર આગામી તા.૨૩ માર્ચના રોજ જામનગર જીલ્લા સહીત સમગ્ર રાજ્યમાં ગુજકેટની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષાના સુચારુ આયોજન માટે જામનગર જીલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં કલેકટરએ કાયદો અને સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત થાય તથા શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજવામાં આવે તે પ્રકારે આયોજન હાથ ધરવા અધિકારીઓને સૂચનો આપ્યા હતા. કલેકટરએ સ્ટ્રોંગરૂમ અને પરીક્ષા સ્થળોએ સુરક્ષા વ્યવસ્થાઓ ઉભી કરવા, પરિવહન વ્યવસ્થા ખોરવાય નહી તેના ભાગરૂપે એસટી વિભાગના તમામ રૂટ કાર્યરત રાખવા, વીજપુરવઠો ન ખોરવાય તેની તકેદારી જાળવવા, જે સેન્ટર પર પરીક્ષાઓ યોજાવાની છે ત્યાં સી.સી.ટી.વી. કેમેરા સહિતની તમામ વ્યવસ્થાઓ જાળવવા લગત અધિકારીશ્રીઓને જણાવ્યું હતું.

જીલ્લામાં કુલ ૧૩ સ્થળો પર ૧૨૫ બ્લોકમાં પરીક્ષા યોજવામાં આવશે. કુલ ૨૪૬૨ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાનો સમય સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૪:૦૦ કલાક સુધીનો રહેશે. જેમાં સવારે ૧૦:૦૦ વાગ્યાથી ૧૨:૦૦ વાગ્યા સુધી ભૌતિક અને રસાયણ વિજ્ઞાન, બપોરે ૧:૦૦ થી ૨:૦૦ દરમિયાન જીવ વિજ્ઞાન અને ૩:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધી ગણિતની પરીક્ષા લેવામાં આવશે. આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, નાયબ મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન.ઝાલા, જીલ્લા શિક્ષણ અધિકારી વિપુલ મહેતા, લગત અધિકારીઓ વગેરે હાજર રહ્યા હતા.

# જૂની વાજડી ગામે રામચરિતમાનસ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન



**મુખ્ય સમાચાર ઉના અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના જૂની વાજડી ગામે શ્રી નસ્ત્રઅયોધ્યા ધામ નસ્ત્ર બાપા સીતારામ પ્લોટ જુની વાજડી ખાતે શ્રી અવધવિહારી ભગવાન શ્રીરામ લાલાની પરમ કૃપાથી સદગુરુ સંત અમરદાસ બાપુ નિર્વાણ તિથિ નિમિત્તે શ્રી રામચરિત માનસ જ્ઞાન યજ્ઞનું ભવ્ય આયોજન કરેલ છે.આ દિવ્ય પ્રસંગે ધર્મ પ્રેમી જનતાને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલું છે. આ જ્ઞાનયજ્ઞમાં સમસ્ત જુની વાજડી, નવી વાજળી ગામના સાથ સહકારથી ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ જ્ઞાન યજ્ઞમાં ગુરુ વંદના ,રામ વનવાસ ,શબરી નવધા ભક્તિ,રામ જન્મોત્સવ, હનુંમાનચરિત ,ધનુષભંગ, સેતુબંધ રામેશ્વર સ્થાપના,રામ વિવાહ, રામ રાજાભિષેક એવા પ્રસંગો યોજાશે.કથાનો પ્રારંભ ફાગણ વદ પાંચમને બુધવાર તારીખ ૧૯/૦૩/૨૦૨૫ થી ફાગણ વદ તેરસને ગુરુવારે ૨૭/૦૩/૨૫ ના રોજ રામકથા નો વિરામ થશે.કથાનો સમય સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ નું આયોજન કરવામાં આવેલું છે.આ તકે આયોજક શ્રી સાધુ શ્રી મનસુખદાસ બાપુ ગોંડલીયા એ તમામ રામ ભક્તો અને સનાતન ધર્મ પ્રેમીઓ ને આ કથા માં આવવા જાહેર આમંત્રણ પાઠવેલ છે.તો દરેક ધર્મ પ્રેમીઓ આ રામ કથા નો લાભ લે.

# મોરબીના પાનેલી ગામેં મસાણી મેલડી માઁ તિથી માંડવો અને શનિદેવ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાશે

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના પાનેલી ગામમાં મસાણી મેલડી માઁનો તિથી માંડવો તથા શનિદેવ મહારાજની મુર્તિ-શીલા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવ સાથે ઉજવાશે. આ ઉજવણી આગામી ૨૬ માર્ચ, ૨૦૨૫ના રોજ દાતાશ્રીઓના સહયોગથી યોજાશે. માંડવા તથા યજ્ઞ નિમિત્તે થતી આવક ગૌસેવાના પવિત્ર કાર્ય માટે ખર્ચવામાં આવશે. આ પ્રસંગે બપોરે ૧૧:૩૦ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.




મોરબી તાલુકાના પાનેલી ગામમાં આગામી ૨૬ માર્ચ, ૨૦૨૫ના રોજ વિશેષ ધાર્મિક મહોત્સવ યોજાવાનો છે. મસાણી મેલડી માઁનો તિથી માંડવો તથા શનિદેવ મહારાજની મૂર્તિ-શીલા પ્રાણપ્રતિષ્ઠા વિધિઓ ધામધૂમથી ઉજવાશે. આ મહોત્સવ દાતાશ્રીઓના સહયોગથી ભક્તિભાવપૂર્વક યોજાશે, જ્યાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેશે. શનિદેવ મહારાજના યજ્ઞ અને તિથી માંડવા દરમ્યાન થતી તમામ આવક ગૌસેવા માટે સમર્પિત કરવામાં આવશે. આ પ્રસંગે સ્થાનિક ભક્તજનો અને દાતાશ્રીઓએ વધુમાં વધુ સંખ્યામાં પધારી ધાર્મિક મહોત્સવને યશસ્વી બનાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# હળવદમાં અસામાજિક તત્વો વિરુદ્ધ પોલીસની તવાઈ, ગેરકાયદે વીજ જોડાણ અને દેશી દારૂ વેચાણની પ્રવૃત્તિ સામે કાર્યવાહી

## ગેરકાયદે વીજ કનેક્શનવાળાને લાખોનો દંડ, રાણેકપર ગામે દેશી દારૂ વેચાણનો કેસ,ડિમોલીશન નોટિસ જારી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એસ.પી. રાહુલ ત્રિપાઠી અને ડીવાયએસપી સમીર સારડાના માર્ગદર્શન હેઠળ હળવદ પોલીસ અને પીજીવીસીએલ ટીમ દ્વારા ગેરકાયદેસર વીજ કનેક્શન અને દારૂ વેચાણ સામે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. હળવદ તાલુકાના વિવિધ ગામોમાં તપાસ દરમિયાન ૫ ઈસમો ગેરકાયદે વીજ કનેક્શન લેતા ઝડપાયા હતા, જેમાં અંદાજે રૂ.૪ લાખથી વધુ દંડ થવાની સંભાવના છે. જ્યારે રાણેકપર ગામમાં અસામાજિક તત્વએ ગેરકાયદેસર બાંધકામ કરી ત્યાં દેશી દારૂ વેચાણ કરતો હતો, જે સ્થળે ગ્રામ પંચાયત દ્વારા ડિમોલેશન નોટિસ આપવામાં આવી છે.

રાજ્યભરમાં અસામાજિક તત્વો અને ગુંડાગીરી સામે ગુજરાત પોલીસની ઝુંબેશ ચાલી રહી છે. આ અંતર્ગત, મોરબી જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠી અને ડીવાયએસપી સમીર સારડાની સુચનાથી હળવદ પીઆઈ આર.ટી. વ્યાસ અને તેમની ટીમે ગેરકાયદે વીજ જોડાણ અને દારૂ વેચાણ સામે કાર્યવાહી હાથ ધરી હતી. પીજીવીસીએલના જુનિયર ઈજનેર કે.પી. પટેલ અને એ.એમ. ચૌધરીની ટીમ પણ કાર્યવાહી માટે જોડાઈ હતી.

મોરબીના એસપી દ્વારા તૈયાર કરવામાં આવેલ અસામાજિક તત્વોની યાદી મુજબ હળવદ પોલીસ દ્વારા રમણીક ઉર્ફે બુધ્ધો અવચરભાઈ શીપરા રહે.ગામ સુંદરગઢ તા.હળવદ વાળાને ત્યાં તપાસ કરતા તેણે ગેરકાયદે વીજ કનેકશન લીધેલ હોવાનું જણાય આવેલ હોય, જેમાં આશરે એક




લાખ જેવો દંડ થઈ શકે છે. જ્યારે શક્તિસિંહ રાજુભાઈ ગોહિલ રહે. ગામ માથક તા.હળવદએ ગેરકાયદે વીજ કનેકશન લીધેલ હોવાનું જણાય આવેલ હોય જેમાં તેને સનદાજે લાખ રૂપિયા જેટલો દંડ થઈ શકે છે. આરોપી પિન્ટુ અશોકભાઈ બોરણીયા અને મયુર અશોકભાઈ બોરણીયા રહે.ગામ માથક તા.હળવદવાળાએ પણ ગેરકાયદે વીજ કનેકશન લીધેલ હોવાનું જણાય આવેલ હોય જેના વિજ વાયર કબ્જે કરી તેના વિરૂધ્ધ નોટીસની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ ઉપરાંત મેહુલ રમણીકભાઈ ગોઠી રહે.હળવદ કણબીપરા તા.હળવદ વાળાએ ગેરકાયદે વીજ કનેકશન લીધેલ હોવાનું જણાય આવેલ હોય જેમાં આશરે સીત્તેર હજાર રૂપિયા જેવો દંડ થઈ શકે છે. જ્યારે આરોપી નવઘણભાઈ ગણેશભાઈ ઉડેચા રહે.ગામ રાણેકપર તા.હળવદવાળાએ પોતાના ગેરકાયદેસર બાંધકામ કરેલ જગ્યાએ ચેક કરતા દેશી દારૂ વેચાણ થતુ હોય જેથી તેની વિરુદ્ધ દેશી દારૂ વેચાણનો કેસ કરવામાં આવેલ છે. તેમજ રાણેકપર ગ્રામ પંચાયત દ્વારા ડિમોલીશન કરવા નોટીસ આપી કાર્યવાહી કરવામાં આવેલ છે.

# જામનગર પોલીસતંત્ર દ્વારા અસામાજિક તત્વો સામે કડક હાથે કાર્યવાહીઃ ૨૮૫ શખ્સોનો સર્વે કરાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરમાંથી ૪૬ ટપોરીઓને ઉપાડી લઈ એલસીબીની કચેરીએ એસ.પી. દ્વારા આગવી ઢબે પૂછપરછ કરાઈ.જામનગર શહેર તથા આસપાસના વિસ્તારમાં અસામાજિક તત્વો દ્વારા ખડકી દેવાયેલા ગેરકાયદે દબાણો પણ દૂર કરાશે.જામનગર, ગુજરાત રાજ્યના પોલીસ મહા નિર્દેશકના આદેશ અનુસાર જામનગર શહેર- જિલ્લામાં વસવાટ કરતા અ-સામાજિક તત્વો ને શોધી કાઢી તેઓ સામે કડક હાથે કામ લેવાનો આદેશ કરાયો છે, જેના ભાગરૂપે છેલ્લા બે દિવસથી સમગ્ર જિલ્લાનું પોલીસ તંત્ર ઊંધા માથે થયું છે. જિલ્લા પોલીસ વડા સમગ્ર પ્રક્રિયાનું મોનિટરિંગ કરી રહ્યા છે. એસ.પી. પ્રેમસુખ ડેલુ ની આગેવાનીમાં શહેર વિભાગના ડીવાયએસપી જે. એન. ઝાલા તેમજ ગ્રામ્ય વિભાગના ડીવાયએસપી આર. બી. દેવધાની રાહબરીમાં સમગ્ર કાર્યવાહી ચલાવવામાં આવી રહી છે.





છેલ્લા બે દિવસ દરમિયાનમાં શહેર અને જિલ્લામાં વસવાટ કરતા કુલ ૨૮૫ અસામાજિક તત્વોને આઈડેન્ટીફાઈ કરાયા છે. તેઓની આગળ પાછળની તમામ હિસ્ટ્રી એકત્ર કરી લેવામાં આવી છે, અને તેનું સંપૂર્ણ સર્વે કરી અને તમામ તત્વોની બાયોગ્રાફી તૈયાર કરી લેવામાં આવી છે. જેનો એસ.પી. પ્રેમસુખ ડેલુ અભ્યાસ કરી રહ્યા છે.

આ ઉપરાંત જામનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ટપોરીગીરી કરતા તત્વોને પણ શોધી કાઢવા માટેની વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, અને તેના માટે એલસીબીના પી.આઈ. વી.એમ.લગારીયા અને તેઓની સમગ્ર ટીમ તથા અન્ય પોલીસ સ્ટેશનની પોલીસ ટુકડીને દોડતી કરાવાઈ હતી, જેના ભાગરૂપે માત્ર ૨૪ કલાકમાં જ શહેરમાંથી કુલ ૪૬ ટપોરીઓને ઉપાડી લેવામાં આવ્યા હતા, અને તમામને એલસીબી ની કચેરી સમક્ષ હાજર કરાવાયા હતા.

જયાં ખુદ જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ ઉપસ્થિત રહ્યા હતા, અને તમામ ટપોરીઓની આગવી ઢબે પૂછપરછ કરી હતી. ઉપરાંત આકરા શબ્દોમાં કેટલીક જરૂરી સુચનાઓ પણ આપી દેવામાં આવી છે. શહેરમાં કોઈપણ ટપોરીગીરી કરતા જોવા મળશે, તો આવા તત્વો સામે કડક હાથે કામગીરી કરવામાં આવશે, તેમ એસપીએ જણાવ્યું હતું.

જામનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં માથાભારે શખ્સો દ્વારા ગેરકાયદે રીતે સરકારી જમીનમાં દબાણ કર્યું હશે, અથવા તો અન્ય કોઈ વ્યક્તિની જમીનમાં ગેરકાયદે પેશકદમી કરી લીધી હશે, આવા તમામ દબાણોને દૂર કરવા માટેની વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે. તે માટેનો પણ ખાસ એક્શન પ્લાન આજે એલસીબીની કચેરીમાં જ ઘડી કાઢવા આવ્યો હતો. જેની નજીકના ભવિષ્યમાં જ અમલવારી કરવામાં આવશે.


# મોરબીમાં મુખ્યમંત્રીની સંભવિત મુલાકાતના કાર્યક્રમ અંગે જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગામી ૨૬ માર્ચના રોજ મોરબી જીલ્લાની સંભવિત મુલાકાત બાબતે તૈયારીઓના ભાગરૂપે મોરબી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ડોમ, ગ્રાઉન્ડ, બેઠક વ્યવસ્થા, ડાયસ પ્લાન અને આનુષાંગિક વ્યવસ્થાઓ, હેલીપેડ, ગ્રીનરૂમ, લોકાર્પણ થનાર વિકાસ કાર્યોની તખ્તી, આરોગ્ય સેવાઓ, વીજ પુરવઠો, પીવાનું પાણી, ફાયર ફાઈટર અને કાયદો વ્યવસ્થા જાળવવા સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરી સબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આગામી ૨૬ માર્ચના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મોરબી શહેર તથા જીલ્લાને અંદાજિત ૧૦૦૦ કરોડથી વધુની રકમના વિકાસ કાર્યોની ભેટ આપવા પધારનાર છે. તેમની પ્રેરક ઉપસ્થિતિમાં અનેક વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવનાર છે. ત્યારે આ કાર્યક્રમ અન્વયે જીલ્લા વહીવટી તંત્ર તૈયારીઓમાં જોડાઈ ગયું છે. આ બેઠકમાં જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, નાયબ કલેક્ટર ઉમંગ પટેલ, નાયબ જીલ્લા વિકાસ અધિકારી ભટ્ટ, મોરબી મહાનગરપાલીકાના ડેપ્યુટી કમિશનર કુલદીપસિંહ વાળા, પ્રાંત અધિકારીઓ, મામલતદાર અને વહીવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રીની મોરબી મુલાકાત દરમિયાન પ્રાણ પ્રશ્નોની રજૂઆત માટે રૂબરૂ મળવાની માંગ

- રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠનના પ્રમુખ દ્વારા મુખ્યમંત્રીને મળવા લેખિત વિનંતી



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીની મુલાકાતે આવનારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને શહેરના મહત્વપૂર્ણ પ્રશ્નોની રજૂઆત કરવા માટે રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન, ગુજરાત પ્રદેશના પ્રમુખ કાન્તિલાલ ડી. બાવરવા દ્વારા લેખિત રજુઆત કરવામાં આવી છે. મોરબીના નાગરિકોને મુખ્યમંત્રી સાથે રૂબરૂ મળીને દબાણ હટાવાની નીતિ, કાયદો-વ્યવસ્થા, આરોગ્ય સેવાઓ, વિકાસકામોની ધીમી ગતિ અને ગેરરીતિઓ જેવા પ્રશ્નો અંગે રજૂઆત માટે મળવાની તક આપવામાં આવે તેવી માંગણી સાથે લેખિત રજુઆત કરી છે.

મોરબીમાં આગામી ૨૬ માર્ચના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ વિકાસ કાર્યોના લોકાર્પણ માટે મોરબીની મુલાકાતે આવનાર હોય ત્યારે રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન, ગુજરાત પ્રદેશના પ્રમુખ કાન્તિલાલ ડી.બાવરવા દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે કે, મોરબીના જાગૃત નાગરિકો દ્વારા મોરબીના પ્રાણ પ્રશ્નો કે જે વર્ષોથી અણઉકેલ છે તે બાબતે તેમજ મોરબીમાં હાલ ચાલુ રહેલ દબાણ હટાવ ઝુંબેશમાં વહાલા દવલાની નીતિ, કાયદો અને વ્યવસ્થા, સ્વાસ્થ્યની સબંધિત સેવાઓ, મોરબીમાં વિકાસના કામોમાં થઈ રહેલ ગેરરીતિ અને કામોની ધીમી ગતિ વિગેરે બાબતે તેમજ આ ઉપરાંત આમ જનતાના પ્રાણ પ્રશ્નો બાબતે લોકોની વ્યથા અને રજૂઆત રૂબરૂ મળીને કરવા માંગીએ છીએ તો મળવા માટેનો સમય આપવા વિનંતીસહ માંગણી કરવામાં આવી છે.


અંતમાં જણાવ્યું છે કે ઉપરોક્ત વિનંતીસહ માંગણી માટેની રજુઆત કરવા સમય આપવામાં નહી આવે તો હાલ જે થયેલા અન્યાય સામે વિરોધ પ્રદર્શન કરીશું તેવી ચેતવણી આપવામાં આવી છે.

# જામનગરના વોર્ડ નંબર ૧૨ના વિપક્ષી કોર્પોરેટરના રહેણાંક મકાનમાંથી રૂપિયા સાડા ત્રણ લાખની વીજ ચોરી પકડાઈ



જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા વીજ ચેકિંગ ટુકડીને સાથે રાખીને પટણીવાડ વિસ્તારમાં રહેતા વોર્ડ નંબર ૧૨ ના વિપક્ષી કોર્પોરિટરના મકાનમાં દરોડો પાડી રૂપિયા સાડા ત્રણ લાખ ની વિજ ચોરી પકડી પાડી છે. ઉપરાંત પૂર્વ પૂર્વ કોર્પોરિટરના મકાનમાંથી રૂપિયા ૯૦,૦૦૦ તેમજ અન્ય એક સાગરીતના મકાનમાંથી ૪.૩૪ લાખ ની વિજ ચોરી પકડી લેવાઇ છે.જામનગર શહેર અને જિલ્લામાં પોલીસ તંત્ર ફલ એક્શનમાં આવી ગયું છે, અને અસામાજિક તત્વો સામે કડક હાથે કામ લેવાઈ રહ્યું છે.જ્યારે વિજ તંત્રને સાથે રાખીને વિજ ચોરી ના સંદર્ભમાં પણ અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.જેના ભાગ રૂપે જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૨ના વિપક્ષી કોર્પોરેટર અને વિરોધ પક્ષના પૂર્વ નેતા અસલમ ખીલજી કે જેનું રહેણાંક મકાન પટણીવાડ વિસ્તારમાં આવેલું છે, જે સ્થળે સિટી એ. ડિવિઝન ના પી.આઈ. એન.એ. ચાવડા પોતાની ટીમ સાથે પહોંચ્યા હતા, અને વીજ ચેકિંગ ટુકડીને સાથે રાખીને તપાસણી કરી હતી. જે દરમિયાન તેના રહેણાંક મકાનમાંથી મોટા પાયે વીજ ચોરી થતી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.જેથી વિજતંત્ર દ્વારા રૂપિયા ૩,૫૨,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.આ ઉપરાંત વાઘેર વાડા વિસ્તારમાં રહેતા પૂર્વક કોર્પોરિટર ગની ઉંમરભાઈ પટેલ ઉર્ફે ગની બસર, કે જેના રહેણાંક મકાનમાં પણ તપાસણી દરમિયાન રૂપિયા ૯૦,૦૦૦ ની વીજ ચોરી પકડાઇ છે. જ્યારે તેઓના સાગરીત જુનેદ ચૌહાણ કે જેનું પણ પટણી વાડ વિસ્તારમાં મકાન આવેલું છે, તેના ઘરમાંથી રૂપિયા ૪.૩૪.૦૦૦ ની વિજ ચોરી પકડાઇ છે.સિટી એ. ડિવિઝનના પોલીસ વિભાગ દ્વારા માત્ર ત્રણ મકાનોમાંથી રૂપિયા ૮,૭૪,૦૦૦ ની વીજ ચોરી પકડી પાડવામાં આવી છે. તેઓની સામે વિજ પોલીસ મથકમાં અલગથી ગુના નોંધવામાં આવ્યા છે.

# મોરબી એલસીબી કચેરીએ ગેરકાયદેસર પ્રવૃતિઓમાં સંડોવાયેલા ઈસમોને બોલાવી પૂછપરછ કરી કડક ચેતવણી અપાઈ




મોરબી એલસીબી કચેરી ખાતે મોરબી તાલુકાના વિવિધ ગુન્હાકીય પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઈસમોને બોલાવવામાં આવ્યા હતા, જેમાં પ્રોહિબિશન કેસના બૂટલેગરો, એમસીઆર વાળા ઈસમો, હિસ્ટ્રીશીટર, લિસ્ટેડ ગુનેગારો અને મિલકત તથા શરીર સંબંધિત ગુનાઓ કરનાર અસામાજિક ગુંડાતત્વો સામે પુછપરછ હાથ ધરવામાં આવી હતી. સાથે સાથે ભવિષ્યમાં આવા ગુનાઓનું પુનરાવર્તન ન કરે તે અંગે તાકીદ પણ કરવામાં આવી હતી. મોરબી એલસીબી દ્વારા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અલગ અલગ ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે જોડાયેલા ઈસમો જેમાં પ્રોહિબિશન હેઠળ બૂટલેગરો, એમસીઆર અને એચએસ લીસ્ટમાં સમાવિષ્ટ ઈસમો, તેમજ મિલકત અને શરીર સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા ઈસમોને એલસીબી કચેરીએ બોલાવી તેમના હાલની પ્રવૃત્તિઓ અંગે વિગતવાર પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા આ તમામ ઈસમોને સખત ચેતવણી આપવામાં આવી કે, તેઓએ આવા કૃત્યોનો પુનરાવર્તન ન કરવો જોઈએ, નહિતર તેમની સામે વધુ કડક પગલાં લેવામાં આવશે.

# મોરબી મનપાના ડીમોલેશનમાં ભેદભાવનો આરોપ, જીલ્લા કોંગ્રેસ પ્રમુખે કમિશ્નરને લેખિત રજુઆત કરી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરને મહાનગરપાલિકા દરજ્જો મળ્યા બાદ રસ્તાઓ અને ટ્રાફિક વ્યવસ્થાને સુધારવા માટે દબાણ દુર કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાએ આ કામગીરીમાં ભેદભાવ હોવાનો આરોપ લગાવતા મોરબી મનપા કમિશ્નરને લેખિત રજુઆત કરી છે. રજુઆતમાં જણાવાયું છે કે અમુક દબાણો હટાવવામાં આવ્યા છે, જ્યારે કેટલાક દબાણો હજુ યથાવત છે. તેમણે માંગ કરી છે કે જે દબાણો હટાવવામાં નથી આવ્યા તે અંગે સ્પષ્ટતા કરવામાં આવે અને નિષ્પક્ષ રીતે ડીમોલેશન થાય અને સમગ્ર પ્રક્રિયામાં સમાનતા અને પારદર્શકતા જાળવી રાખવામાં આવે. મોરબી મહાનગરપાલિકા દ્વારા હાલ શહેરમાં દબાણ દુર કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી



છે, જે ટ્રાફિક અને શહેરી વિકાસ માટે જરૂરી પગલું છે. જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાએ આ ઝુંબેશની સરાહના કરવાના સાથે, તેમાં ભેદભાવ હોવાનો આક્ષેપ સાથે મોરબી મહાનગરપાલિકા કમિશ્નરને કરવામાં આવેલ લેખિત રજુઆતમાં જણાવ્યુ કે મોરબી મહાનગરપાલીકા દ્વારા હાલમાં જે જે વિસ્તારમાં ડીમોલેશનની કામગીરી કરવામાં આવેલ છે. તે તમામ વિસ્તારમાં ક્યાંક કે ક્યાંક ભેદભાવની નિતિ જોવા મળી રહેલ છે. જેના કારણે અમુક દબાણો દુર કરવામાં આવેલ નથી. જે દબાણો ક્યાં કારણોસર દુર કરવામાં આવેલ નથી તે એક વિચારનો વિષય છે.

તેમજ હાલમાં મનપા કમિશ્નરે મીડીયા મારફત જણાવેલ કે જે વિસ્તારમાં ડીમોલેશનની કામગીરી કરવામાં આવેલ છે અને અમુક દબાણો દુર કરવામાં આવેલ નથી તેવા તમામ દબાણો પણ દુર કરવામાં આવશે. પરંતુ આવું શા માટે ? અમુક દબાણો ન હટાવી શું સાબીત કરવા માંગો છો? જે વિસ્તારમાં ડીમોલેશન કરો છો તે વિસ્તારમાં તમામ દબાણો દુર થવા જોઈએ. તેવું મોરબી શહેરની જનતા ઈચ્છે છે. જેથી મોરબી મહાનગરપાલીકા વિસ્તારમાં દબાણ હોવાનું જાણતા હોવા છતાં જે દબાણો દુર કરેલ નથી. તેનો ખુલાસો મોરબી શહેરની જનતા સમક્ષ કરવા તથા તેનો લેખીતમાં પ્રત્યુતર આપવામાં આવે તેવી માંગ સાથે રજુઆત કરવામાં આવી હતી.

# જામનગર ખાતે કોન્ટેમ્પરરી આર્ટીસ્ટ કેમ્પ તથા ચિત્ર પ્રદર્શનીનું આયોજન



ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગરના તાબા હેઠળની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા રાજ્ય કલા પ્રદર્શનમાં ડ્રોઈંગ અને પેન્ટિંગ વિભાગમાં વિજેતા થયેલ કલાકારોને બોલાવી કન્ટેમ્પરી આર્ટીસ્ટ કેમ્પનું જામનગર ખાતે આયોજન કરવામાં આવેલ છે. કન્ટેમ્પરી આર્ટીસ્ટ કેમ્પમાં ચિત્રકામ પૂર્ણ થયા બાદ આ કલાકારો દ્વારા તૈયાર કરેલ પેન્ટિંગનું પ્રદર્શન યોજવામાં આવશે.આ વર્ષે જામનગર ખાતે આ કન્ટેમ્પરી આર્ટીસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તથા આ કેમ્પ દરમ્યાન કલાકારો દ્વારા તૈયાર કરેલ પેન્ટિંગનું પ્રદર્શન તા.૨૨/૦૩/૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૩૦ કલાક થી તા.૨૩/૦૩/૨૦૨૫ સાંજે ૦૮:૦૦ કલાક સુધી આર્ટ ગેલેરી, ટાઉનહોલ, જામનગર ખાતે યોજાનાર છે.જામનગરની જાહેર જનતાને આ પ્રદર્શન વિનામૂલ્યે નિહાળવા જિલ્લા યુવા વિકાસ અધિકારી જામનગરની યાદીમાં જણાવાયું છે.

# મવડી માં રાહદારી મહિલાને કારચાલકે ઉલાળી : હત્યાના પ્રયાસનો આક્ષેપ

## મહિલાનો હાથ ભાંગી જતા સારવારમાં ખસેડાઈ



રાજકોટમાં બેકામ સ્પીડે કાર ચલાવી મહિલાને ત્રણ વખત ઉલાળી દેવાનો બનાવ સામે આવતા ચકચાર મચી જવા પામી છે. ઈજાગ્રસ્ત મહિલાનો હાથ ભાંગી ગયો હતો. જયારે મહિલાએ જાણીજોઈને મારી નાખવાના ઈરાદે કાર ચડાવી હત્યાનો પ્રયાસ કર્યાનો આક્ષેપ કર્યો છે. જાણવા મળતી વિગત મુજબ મવડી વિસ્તારમાં આવેલી શ્રીહરી સોસાયટીમાં રહેતા અને ઓમ શાંતિ સંસ્થા સાથે જોડાયેલા કુંદનબેન નામના મહિલા સાંજે ઓમ શાંતિના કાર્યક્રમમાંથી ચાલીને ઘરે જઈ રહ્યા હતા ત્યારે ૪૦ ફટ રોડ પર પહોંચતા પુરપાટ ઝડપે આવેલી નંબર પ્લેટ વગરની સફેદ કલરની કારના ચાલકે પાછળથી ઠોકર મારી હતી જેથી તેઓને ઈજાગ્રસ્ત હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ અકસ્માતમાં મહિલાનો હાથ ભાંગી ગયો હતો જો કે, અકસ્માત અંગે પોલીસમાં જાણ કરવામાં આવી નથી. સમગ્ર ઘટનાના સીસીટીવી ફટેજ વાયરલથયા હતાં ઈજાગ્રસ્ત મહિલાએ નંબર પ્લેટ વગરની કારમાં આવેલા અજાણ્યા શખ્સે જાણી જોઈને મારી નાખવાના ઈરાદે તેમને કારથી ત્રણ ઠોકર મારી હત્યાનો પ્રયાસ કર્યાનો આક્ષેપ કર્યો છે. આ અંગે તેઓ દ્વારા પોલીસમાં ફરિયાદ કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

